# શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલી

## વાર્ષિક અહેવાલ-2023-2024

## Sheth Shree B.C.Shah Arts College.Vadali
## Annual Report-2023-2024



**Pri.Dr.N.R.Patel**


**[Report Committee]**
**Dr.Prabhudas R.Patel**
**&**
**Prof-Bhupatbhai D.Patel**
**(Computer Work)**



શ્રી તખતસિંહ ડી.હડિયોલ
પ્રમુખશ્રી,
શ્રી વડાલી કેળવણી મંડળ,વડાલી



શ્રી અમૃતભાઈ દેસાઈ જી.દેસાઈ
મંત્રીશ્રી,
શ્રી વડાલી કેળવણી મંડળ,વડાલી



ડો.એન.આર.પટેલ
આચાર્યશ્રી ,
શેઠ શ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલી

| | શ્રી વડાલી કેળવણી મંડળના સભ્યો | |
|---|---|---|
| 1 | શેઠ શ્રી સમીર પ્રફુલ્લચંદ્ર શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 2 | શેઠ શ્રી વિજયભાઈ પોપટલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 3 | શેઠ શ્રી સુધીરકુમાર ભુરાલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 4 | શેઠ શ્રી શિશિરભાઈ ભુરાલાલ શાહ | (કાયમી સભ્ય શ્રી) |
| 5 | શ્રી તખતસિંહ ડી. હડિયોલ | (પ્રમુખ શ્રી) |
| 6 | શ્રી કરશનભાઈ એચ. પટેલ | (ઉપપ્રમુખ શ્રી) |
| 7 | શ્રી અમરતભાઈ જી. દેસાઈ | (મંત્રી શ્રી) |
| 8 | શ્રી રાજેશકુમાર સી. મહેતા | (સહમંત્રી શ્રી ) |
| 9 | શ્રી રણછોડભાઈ એચ. પટેલ | (ખજાનચી) |
| 10 | શ્રી વસન્તભાઈ એન. સુથાર | (સભ્ય ) |
| 11 | શ્રી મોતીસિંહ આઈ. રાઠોડ | (સભ્ય ) |
| 12 | શ્રી ગિરીશભાઈ એ. બ્રહ્મભટ્ટ | (સભ્ય ) |
| 13 | શ્રી રમેશભાઈ વી. પટેલ | (સભ્ય ) |
| 14 | શ્રી હરિસિંહ બી. ભાટી | (સભ્ય ) |
| 15 | શ્રી રવીન્દ્રભાઈ એસ. બારોટ | (સભ્ય ) |
| 16 | શ્રી જયેશકુમાર જે. દોશી | (સભ્ય ) |
| 17 | શ્રી બહેચરભાઈ એ. સગર(કસન) | (સભ્ય ) |
| 18 | શ્રી રવીન્દ્રભાઈ એન. સુથાર | (સભ્ય ) |
| 19 | શ્રી શંકરભાઈ એમ. સગર(કડીયા) | (સભ્ય ) |
| 20 | શ્રી વાલજીભાઈ કે. પ્રજાપતિ | (સભ્ય ) |
| 21 | શ્રી નટવરભાઈ સી. પટેલ | (સભ્ય ) |
| 22 | શ્રી અરવિન્દકુમાર એસ. સોની | (સભ્ય ) |
| 23 | શ્રી ભરતકુમાર એમ. નાયી | (સભ્ય ) |
| 24 | શ્રી શાહરભાઈ એમ. દેસાઈ | (સભ્ય ) |
| 25 | શ્રી વીરેન્દ્રસિંહ એમ. રહેવર | (સભ્ય ) |

| શૈક્ષણિક સ્ટાફ | | |
|---|---|---|
| ગુજરાતી વિભાગ | | |
| 1 | પ્રિ.ડૉ.નરેશભાઈ આર.પટેલ | M.A.,NET,Ph.D |
| 2 | પ્રા.ડૉ.પ્રભુદાસ આર.પટેલ | M.A, Ph.D |
| 3 | પ્રા.આરતીબેન પી.રાઠોડ | M.A, NET, (Ph.D-Runing) |
| 4 | પ્રા.ભૂપતભાઈ ડી.પટેલ | M.A,NET,SLET,M.PhiL (Ph.D-Runing) |
| સંસ્કૃત વિભાગ | | |
| 5 | પ્રા.ડૉ.તુલસીદાસ ડી.પટેલ | M.A, Ph.D |
| 6 | પ્રા.મહેન્દ્રસિંહ સી.રહેવર | M.A,MhiL,SLET |
| ઈતિહાસ વિભાગ | | |
| 7 | પ્રા.ડૉ.જશરાજભાઈ જી.ચૌધરી | M.A, Ph.D |
| 8 | પ્રા.ઋષિકેશભાઈ આર.જોશી | M.A, B.Ed |
| 9 | પ્રા.ડો.શૈલેષભાઈ ડી.તબિયાર | M.A,B.Ed,M.phil, Ph.D |
| અંગ્રેજી વિભાગ | | |
| 10 | પ્રા.ડૉ.ધર્મેશભાઈ એ.મહેતા | M.A, Ph.D |
| 11 | પ્રા.શૈલેષભાઈ વાઘેલા | M.A (Ph.D-Runing) |
| 12 | પ્રા. કવન આર. પટેલ | M.A, G-SET |
| ડિફેન્સ સ્ટડીઝ | | |
| 13 | પ્રા.ડૉ.દિવ્યાબેન એ.પટેલ | M.A,B.ed,M.phil, Ph.D |
| સમાજશાસ્ત્ર વિભાગ | | |
| 14 | પ્રા.ડો.પ્રિયંકાબેન બી.પટેલ | M.A. M.phil,P.hd |
| 15 | પ્રા.ભાર્ગવભાઈ જોશી | M.A. (Ph.D-Runing) |
| રમતગમત વિભાગ | | |
| 16 | પ્રા.ડૉ.ગાંડાભાઈ એ.દેસાઈ | M.P.E, Ph.D |
| ગ્રંથાલય | | |
| 17 | ડો.મગનભાઈ એચ.દેસાઈ | M.Lib,Ph.D |

| બિન શૈક્ષણિક સ્ટાફ | | |
|---|---|---|
| 1 | શ્રી બચુભાઈ વી. ડામોર | જુનીયર કલાર્ક |
| 2 | શ્રી ધુળાભાઈ સી. પટેલ | જુનીયર કલાર્ક |
| 3 | શ્રી કલ્પેશકુમાર જે. પટેલ | સેવક |
| 4 | શ્રીમતી રમીલાબેન બી. સથવારા | સ્વીપર |

## 2023-24- STUDENT'S STRENGTH

### SESSION – 1 - Bachelor of Arts - Medium : Gujarati - Academic Year : 2023-2024

| SEMESTER | SUBJECT | Gen | Baxi | SC | ST | NT | OBC | Total | Gen | Baxi | SC | ST | NT | OBC | Total | Grand Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| SEM-I | English | 0 | 5 | 2 | 1 | 0 | 0 | 8 | 5 | 10 | 0 | 1 | 0 | 0 | 16 | 24 |
| SEM-I | Gujarati | 6 | 38 | 4 | 2 | 0 | 0 | 50 | 5 | 28 | 10 | 4 | 0 | 0 | 47 | 97 |
| SEM-I | History | 11 | 45 | 4 | 0 | 0 | 0 | 60 | 17 | 49 | 14 | 2 | 0 | 0 | 82 | 142 |
| SEM-I | SOCIOLOGY | 2 | 22 | 1 | 1 | 0 | 0 | 26 | 5 | 14 | 6 | 10 | 0 | 0 | 35 | 61 |
| SEM-III | English | 5 | 8 | 1 | 0 | 0 | 0 | 14 | 1 | 12 | 0 | 1 | 0 | 0 | 14 | 28 |
| SEM-III | Gujarati | 3 | 30 | 6 | 0 | 0 | 0 | 39 | 6 | 22 | 18 | 2 | 0 | 0 | 48 | 87 |
| SEM-III | History | 6 | 44 | 4 | 1 | 0 | 0 | 55 | 10 | 33 | 5 | 1 | 0 | 0 | 49 | 104 |
| SEM-III | Sanskrit | 0 | 6 | 0 | 0 | 0 | 0 | 6 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 7 |
| SEM-III | SOCIOLOGY | 2 | 7 | 3 | 3 | 0 | 0 | 15 | 2 | 10 | 4 | 1 | 0 | 0 | 17 | 32 |
| SEM-V | English | 9 | 10 | 3 | 0 | 0 | 0 | 22 | 1 | 3 | 3 | 2 | 0 | 0 | 9 | 31 |
| SEM-V | Gujarati | 0 | 15 | 13 | 4 | 0 | 0 | 32 | 1 | 22 | 7 | 1 | 0 | 0 | 31 | 63 |
| SEM-V | History | 15 | 24 | 5 | 0 | 0 | 0 | 44 | 27 | 44 | 7 | 1 | 0 | 0 | 79 | 123 |
| SEM-V | Sanskrit | 2 | 9 | 0 | 0 | 0 | 0 | 11 | 1 | 4 | 7 | 1 | 0 | 0 | 13 | 24 |
| SEM-V | SOCIOLOGY | 4 | 32 | 8 | 7 | 0 | 0 | 51 | 5 | 6 | 8 | 7 | 0 | 0 | 26 | 77 |
| | TOTAL | 65 | 295 | 54 | 19 | 0 | 0 | 433 | 86 | 258 | 89 | 34 | 0 | 0 | 467 | 900 |

### SESSION – 2 -Bachelor of Arts - Medium : Gujarati - Academic Year : 2023-2024

| SEMESTER | SUBJECT | Gen | Baxi | SC | ST | NT | OBC | Total | Gen | Baxi | SC | ST | NT | OBC | Total | Grand Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| SEM-II | English | 0 | 5 | 2 | 1 | 0 | 0 | 8 | 3 | 9 | 0 | 0 | 0 | 0 | 12 | 20 |
| SEM-II | Gujarati | 3 | 28 | 4 | 2 | 0 | 0 | 37 | 5 | 19 | 5 | 4 | 0 | 0 | 33 | 70 |
| SEM-II | History | 8 | 39 | 3 | 0 | 0 | 0 | 50 | 14 | 48 | 10 | 2 | 0 | 0 | 74 | 124 |
| SEM-II | SOCIOLOGY | 2 | 12 | 1 | 1 | 0 | 0 | 16 | 4 | 9 | 5 | 7 | 0 | 0 | 25 | 41 |
| SEM-IV | English | 4 | 8 | 1 | 0 | 0 | 0 | 13 | 1 | 12 | 0 | 1 | 0 | 0 | 14 | 27 |
| SEM-IV | Gujarati | 1 | 27 | 4 | 0 | 0 | 0 | 32 | 6 | 20 | 17 | 1 | 0 | 0 | 44 | 76 |
| SEM-IV | History | 6 | 39 | 4 | 1 | 0 | 0 | 50 | 8 | 33 | 5 | 1 | 0 | 0 | 47 | 97 |
| SEM-IV | Sanskrit | 0 | 5 | 0 | 0 | 0 | 0 | 5 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 6 |
| SEM-IV | SOCIOLOGY | 2 | 5 | 3 | 3 | 0 | 0 | 13 | 2 | 10 | 4 | 1 | 0 | 0 | 17 | 30 |
| SEM-VI | English | 8 | 9 | 2 | 0 | 0 | 0 | 19 | 1 | 2 | 3 | 2 | 0 | 0 | 8 | 27 |
| SEM-VI | Gujarati | 0 | 12 | 11 | 4 | 0 | 0 | 27 | 1 | 22 | 7 | 1 | 0 | 0 | 31 | 58 |
| SEM-VI | History | 14 | 17 | 5 | 0 | 0 | 0 | 36 | 27 | 44 | 7 | 1 | 0 | 0 | 79 | 115 |
| SEM-VI | Sanskrit | 2 | 4 | 0 | 0 | 0 | 0 | 6 | 1 | 4 | 7 | 1 | 0 | 0 | 13 | 19 |
| SEM-VI | SOCIOLOGY | 4 | 26 | 8 | 5 | 0 | 0 | 43 | 5 | 6 | 8 | 7 | 0 | 0 | 26 | 69 |
| | TOTAL | 54 | 236 | 48 | 17 | 0 | 0 | 355 | 78 | 239 | 78 | 29 | 0 | 0 | 424 | 779 |

### SESSION – 1 - Master of Arts - Medium : Gujarati - Academic Year : 2023-2024

| SEMESTER | SUBJECT | Gen | Baxi | SC | ST | NT | OBC | Total | Gen | Baxi | SC | ST | NT | OBC | Total | Grand Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| SEM-I | Gujarati | 3 | 6 | 0 | 2 | 0 | 0 | 11 | 1 | 4 | 4 | 4 | 0 | 0 | 13 | 24 |
| SEM-I | History | 15 | 33 | 15 | 8 | 0 | 0 | 71 | 12 | 35 | 7 | 6 | 0 | 0 | 60 | 131 |
| SEM-III | Gujarati | 2 | 7 | 3 | 0 | 0 | 0 | 12 | 4 | 4 | 2 | 7 | 0 | 0 | 17 | 29 |
| SEM-III | History | 8 | 16 | 17 | 11 | 0 | 0 | 52 | 12 | 31 | 4 | 7 | 0 | 0 | 54 | 106 |
| | TOTAL | 28 | 62 | 35 | 21 | 0 | 0 | 146 | 29 | 74 | 17 | 24 | 0 | 0 | 144 | 290 |

### SESSION – 2 - Master of Arts - Medium : Gujarati - Academic Year : 2023-2024

| SEMESTER | SUBJECT | Gen | Baxi | SC | ST | NT | OBC | Total | Gen | Baxi | SC | ST | NT | OBC | Total | Grand Total |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| SEM-II | Gujarati | 3 | 6 | 0 | 2 | 0 | 0 | 11 | 1 | 4 | 4 | 4 | 0 | 0 | 13 | 24 |
| SEM-II | History | 13 | 29 | 14 | 7 | 0 | 0 | 63 | 11 | 34 | 6 | 6 | 0 | 0 | 57 | 120 |
| SEM-IV | Gujarati | 2 | 7 | 2 | 0 | 0 | 0 | 11 | 4 | 4 | 2 | 7 | 0 | 0 | 17 | 28 |
| SEM-IV | History | 8 | 15 | 17 | 10 | 0 | 0 | 50 | 12 | 31 | 4 | 7 | 0 | 0 | 54 | 104 |
| | TOTAL | 26 | 57 | 33 | 19 | 0 | 0 | 135 | 28 | 73 | 16 | 24 | 0 | 0 | 141 | 276 |

# બી.એ.સેમ-૬ માર્ચ-જૂન ૨૦૨૩ ના તેજસ્વી તારલા

## GUJARATI-B.A SEM-6

| SR | SEAT NO | NAME | TOTAL MARK | |
|---|---|---|---|---|
| *1* | *13656* | *PRAJAPATI KAMLESHKUMAR AMRUTBHAI* | *457/600* | |
| *2* | *13687* | *CHAUDHARI RUTVIKKUMAR DILIPBHAI* | *434/600* | |
| *3* | *13641* | *RATHOD DIVYABEN JANAKSINH* | *428/600* | |

## HISTORY-B.A SEM-6

| SR | SEAT NO | NAME | TOTAL MARK | |
|---|---|---|---|---|
| *1* | *13782* | *SAGAR MANISHABEN RAMESHBHAI* | *488/600* | |
| *2* | *13795* | *PATEL NISHABEN BHARATBHAI* | *481/600* | |
| *3* | *13777* | *SAGAR ZUNDALA KRISHNABEN DILIPBHAI* | *479/600* | |

## GUJARATI-M.A SEM-4

| SR | SEAT NO | NAME | TOTAL MARK | |
|---|---|---|---|---|
| *1* | *4967* | *PARAMAR ROHITKUMAR DAHYABHAI* | *894* | |
| *2* | *4958* | *VANKAR BHUMIKABEN DEVABHAI* | *849* | |
| *3* | *4969* | *MANVAR UTTAMBHAI KARMANBHAI* | *813* | |

## HISTORY-M.A SEM-4

| SR | SEAT NO | NAME | TOTAL MARK | |
|---|---|---|---|---|
| *1* | *4995* | *VANKAR HIRALBEN DHANJIBHAI* | *1046* | |
| *2* | *4990* | *RAVAL GAURIBEN JANAKBHAI* | *1028* | |
| *3* | *5060* | *CHAUHAN SHITALBEN MAHENDRABHAI* | *1012* | |

# કોલેજની શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃતિઓ




## પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટેનો પ્રવેશોત્સવ યોજાયો :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીનાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટેનો પ્રવેશોત્સવ તા.૧૨ મી'જુલાઈ,૨૦૨૩ ના રોજ યોજાયો હતો. જેમાં અધ્યાપક પરિચય અને કોલેજમાં ચાલતી વિવિધ શિક્ષણેતર પ્રવૃત્તિઓ જેવી કે, એન.એસ.એસ, એન.સી.સી, સ્પોર્ટ્સ, લાઈબ્રેરી વગેરેની માહિતી સમિતિના ઇન્ચાર્જ દ્વારા આપવામાં આવી હતી. ઉપરાંત કોલેજમાં શિસ્ત- નીતિ નિયમો, નવી શિક્ષણ-નીતિની સમગ્ર માહિતી કૉલેજના પ્રિન્સીપાલ ડૉ.એન.આર પટેલ દ્વારા આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ. તુલસીદાસ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સેમ-1 ના વિદ્યાર્થી અને કોલેજનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આંતરરાષ્ટ્રીય યોગ-દિવસની ઉજ્વણી કરવામાં આવી :

શેઠશ્રી બી. સી. શાહ આર્ટસ કોલેજ વડાલીમાં 21મી જૂન 2023 ના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગદિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી, ગાંધીનગર દ્વારા મળેલી માહિતી મુજબ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલું હતું. કાર્યક્રમની અંતે રાષ્ટ્ર-ગાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજનો શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફ તેમજ 80 જેટલા કોલેજના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્પોર્ટ્સ વિભાગના પ્રા.ડૉ.જી.એ.દેસાઈએ તેમજ પ્રા.ડૉ.તુલસીદાસ પટેલે કર્યું હતું .

## શિક્ષકદિનની ઉજ્વણી કરવામાં આવી :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કૉલેજ,વડાલીમાં ડૉ.રાધાકૃષ્ણન સર્વપલ્લીના જન્મદિવસ નિમિત્તે પ્રિ.ડૉ.એન.આર.પટેલના અધ્યક્ષ સ્થાને પાંચ મી' સપ્ટેમ્બરના રોજ "શિક્ષકદિન"ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં 23 વિદ્યાર્થીઓ શિક્ષક બની ભાગ ભજવ્યો હતો. આ દિવસે કોલેજના વિદ્યાર્થી શિક્ષક બની ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કોલેજના પ્રો.ડૉ. તુલસીદાસભાઈએ વિદ્યાર્થીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમની સફળતા માટે કોલેજના પ્રિ.ડૉ.એન.આર.પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## નેક-એનિવર્સરીની ઉજ્વણી કરવામાં આવી :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીમાં તારીખ 24- 8- 2023 ના રોજ નેક એક્રીડેશન થયું હતું. જેમાં કૉલેજ 2.75 CGPA મેળવી B+ ગ્રેડ મેળવ્યો છે.જેમાં એક વર્ષ પૂર્ણ થતા આજ રોજ તારીખ 23/ 8/2023 ના રોજ નેક એનિવર્સરી ની ઉજવણી ના ભાગરૂપે સમગ્ર કોલેજના વિદ્યાર્થીઓને નેક મૂલ્યાંકનની પ્રક્રિયાના વિડીયો બતાવીને ઉજવણી કરવામાં આવી હતી. નેક કોર્ડીનેટર પ્રા.ડૉ. ધર્મેશ મેહતાએ નેકની સમગ્ર પ્રક્રિયાનો સરસ ચિતાર આપ્યો હતો.કાર્યક્રમની સફળતા માટે કોલેજના પ્રિ.ડૉ.એન.આર.પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## વિકસિત ભારત@2047–અનુસંધાને વ્યાખ્યાન યોજાયું :

'ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી', ગાંધીનગર અને શેઠશ્રી બી.સી. શાહ આર્ટસ કોલેજ, વડાલીના સંયુક્ત ઉપક્રમે 'વિકસિત ભારત@2047' અનુસંધાને તારીખ - 22-12-2023 ના રોજ વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન સંદર્ભે 'ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી', ગાંધીનગરના એસોસિયેટ પ્રોફેસર ડો. રાકેશભાઈએ વિદ્યાર્થીઓને સ્વ, સમાજ અને દેશના વિકાસને જોડાયેલી કડીઓ ને વણી લઈ વ્યાખ્યાન આપ્યું હતું. સાથે ' ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી' ગાંધીનગરના એસોસીએટ પ્રોફેસર ડો.ધર્મેશું વૈદ્યની ઉપસ્થિતિ પણ રહી હતી. તેમણે પણ મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંયોજક તરીકે કોલેજના પ્રા.ભૂપતભાઇ પટેલે મહત્વની ભૂમિકા અદા કરી હતી.

## 75 - માં પ્રજાસતાક દિનની ઉજવણી કરવામાં આવી :

શેઠશ્રી બી. સી. શાહ આર્ટ્સ કૉલેજ, વડાલીમાં 75' માં "પ્રજાસત્તાક દિન"ની ૨૬મી' જાન્યુઆરી,૨૦૨૪ ના રોજ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રી વડાલી કેળવણી મંડળના પ્રમુખશ્રી, તખતસિંહ હડિયોલ, કેળવણી મંડળના ટ્રસ્ટીઓ, કૉલેજના પ્રિન્સીપલ તેમજ કૉલેજના ટિચિંગ અને નોન ટિચિંગ તેમજ અન્ય સ્કૂલના આચાર્ય તેમજ મોટી સંખ્યામાં વિધાર્થી હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં ધ્વજવાહક તરીકેની મહત્વની ભૂમિકા કૉલેજના એન.સી.સી.ઓફિસર પ્રા.ભૂપતભાઈએ નિભાવી હતી.તેમજ સ્પોર્ટ્સ વિભાગના પ્રા.ડૉ.જી.એ.દેસાઈ કાર્યક્રમના મુખ્ય આયોજક તરીકે કામગીરી કરી હતી.આ કાર્યક્રમમાં NCC અને NSS તેજમ કોલેજ અને શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## કલા કૌશલ્ય–ધારા અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું :

શેઠશ્રી બી. સી. શાહ આર્ટ્સ કૉલેજ, વડાલીમાં, તારીખ 5-7-2023 ના રોજ કલા કૌશલ્ય-ધારા અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 10 વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકેની ફરજ કોલેજના પ્રા. ડૉ. પ્રભુદાસભાઈ પટેલ અને પ્રા. ડૉ. જસરાજભાઈ ચૌધરી એ નિભાવી હતી. આ સ્પર્ધાનું આયોજન પ્રા.ડૉ.ધર્મેશભાઈ મહેતા અને પ્રા.આરતીબેન દ્વારા થયું હતું.આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે અર્પિતાબેન વણકર, દ્વિતીય ક્રમે પ્રિયાબેન પટેલ અને તૃતીય ક્રમે સગર કેસરબેન વિજેતા થયા હતા.

## સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીમાં 'આઝાદીકા અમૃત મહોત્સવ' અંતર્ગત તા.૧૯ /૭/૨૦૨૩ ના રોજ 'સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા' તેમજ એન.એસ.એસ વિભાગ અંતર્ગત આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ૧૦વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ સ્પર્ધાનું આયોજન એન. એસ. એસ. પ્રો.ઓફિ. પ્રા. આરતીબેન રાઠોડ અને પ્રા.ડૉ.શૈલેશભાઈ તબિયાર તથા સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાના કન્વિનર પ્રા.ડૉ.પ્રભુદાસ આર.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે પ્રા.મહેન્દ્રસિંહ સી.રહેવર અને પ્રા.ભૂપતભાઈ ડી. પટેલ દ્વારા નિર્ણાયકની કામગીરી બજાવાઈ હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પૂજા જોશી દ્વિતીય ક્રમે યશ પટેલ અને તૃતીય ક્રમે હરસિદ્ધિ પટેલ વિજેતા બન્યા હતા. કોલેજના આચાર્યશ્રી ડૉ.એન.આર પટેલે ભાગ લેનાર તેમજ વિજેતા વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા.

## મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન :

તારીખ - 3-11-2023 ના રોજ મતદારયાદીમાં વિદ્યાર્થીઓને નામ નોંધાવવા અંગે "મતદાન જાગૃતિ –અભિયાન" સંદર્ભે કોલેજના આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડાલી તાલુકાના મામલતદાર શ્રી હાજર રહી મતદાર યાદીમાં નામ નોંધાવા અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમનું આયોજન પ્રિ.ડૉ.એન.આર.પટેલની સુચના મૂજબ પ્રા.આરતીબેન રાઠોડે કર્યું હતું.

## જ્ઞાનધારા અંતર્ગત મોટીવેશન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું :

શેઠશ્રી.બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીમાં પ્રિ.ડો.નરેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને "મોટીવેશન-સ્પીચ"નું વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી એવા નિવૃત શિક્ષકશ્રી શાંતિભાઈ એસ.પટેલે વિદ્યાર્થીઓને જીવન ઘડતરની વાત કરી હતી .આજના યુગમાં ઉજ્જવળ કારકિર્દી માટે અનેક તકો છે તે કેવી રીતે ઝડપવી તેનું માર્ગદર્શન આપ્યું હતું. તેમણે પોતાના જીવનમાં સમયનું આયોજન કેવી રીતે કરવું જોઈએ તેની વાત વિદ્યાર્થીઓને સમજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.તુલસીદાસ ડી.પટેલે કર્યું હતું. આભાર વિધિ પ્રા.ડૉ.ધર્મેશભાઈ મહેતા એ કરી હતી. કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા.

## કૌશલ્યો અને જ્ઞાન-પ્રદાન હેતુ એડ-ઓન કોર્ષનું આયોજન :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીના આચાર્ય ડૉ.એન.આર.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ,દરેક વર્ષની જેમ જ વર્ષ-૨૦૨૩-૨૦૨૪ માં કોલેજના વિદ્યાર્થીઓના મુખ્ય અભ્યાસને પુરક બનાવવા માટે તેમજ વિદ્યાર્થીઓના વધારાના કૌશલ્યો અને જ્ઞાન-પ્રદાન કરે તેવા હેતુથી કોલેજના ગુજરાતી વિભાગ,ઈતિહાસ વિભાગ,સંસ્કૃત વિભાગ, સમાજશાસ્ત્ર વિભાગ, અંગ્રેજી વિભાગ અને ડીફેન્સ-સ્ટડીઝ વિભાગોના દરેક અધ્યાપકોએ 30- કલાકના એડ-ઓન કોર્સનું આયોજન કર્યું હતું.આ એડ-ઓન કોર્સના પ્રથમ દિવસે વડાલીની શ્રી બી.જી.શાસ્ત્રી હાઈસ્કૂલના આચાર્યશ્રી ડો.હસમુખભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિ પણ રહી હતી.

## રેમેડીયલ-કોર્ષનું આયોજન :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીના પ્રિ.ડૉ.એન.આર.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ,દરેક વર્ષની જેમ જ વર્ષ-૨૦૨૩-૨૦૨૪ માં કોલેજના ગુજરાતી વિભાગ,ઈતિહાસ વિભાગ,સંસ્કૃત વિભાગ, સમાજશાસ્ત્ર વિભાગ, અંગ્રેજી વિભાગ દ્વારા બી.એ.સેમ-૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોતાના વિષયમાં નબળા હોય તો, તેઓને જ્ઞાન-સભર કરવાના હેતુથી ૩૦' દિવસ સુધીના ' રેમેડીયલ કોર્ષનું' આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કોલેજના અધ્યાપકોએ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લઈને હોશિયાર તથા નબળા એમ બે ભાગમાં વિદ્યાર્થીઓને તારવી જુદા જુદા વિષયમાં વધારાના વર્ગો લીધા હતા.

## લોકસભા ચુંટણી કામગીરી :

આવનારા સમયમાં ભારત સરકારની લોકસભા ચુંટણીના ભાગરૂપે કોલેજના પ્રિન્સીપલ, ટીચીંગ સ્ટાફ અને નોન-ટીચીંગ સ્ટાફ ચુંટણીની કામગીરી સેવા કરવા માટે સજ્જ છે.કોલેજના અધ્યાપકો ઝોનલ ઓફિસર,પ્રિસાઈડીગ ઓફિસર,પોલીગ ઓફિસરની જેવી ફરજ નિભાવશે.

## HNGU-પરીક્ષાનું ઓબ્ઝર્વર ઝૂમખાની જવાબદારી-

HNGU-પાટણ સંલગ્ન સાબરકાંઠા-જીલ્લાની જુદી જુદી કોલેજોમાં ચાલતી પ્રથમ સત્રની 2023-24 ની યુનિવર્સીટીની વિવિધ વિષયોની પરીક્ષાનું ઓબ્ઝર્વર ઝૂમખાની જવાબદારી શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીને મળેલી હતી.જેના મુખ્ય કન્વીનર પ્રિ.ડૉ.એન.આર.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા-જીલ્લાની જુદી જુદી કોલેજમાં જઇને કોલેજના દરેક અધ્યાપકોએ પરીક્ષાના ત્રણ શેસનમાં ઓબ્ઝર્વર તરીકેની કામગીરી કરી હતી .

# વિષયગત-વિભાગીય પ્રવૃતિ

## ગુજરાતી વિભાગ

### ઉમાશંકર જોશીની જન્મજયંતીની ઉજવણી :

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શેઠશ્રી બી.સી. શાહ આર્ટસ કોલેજ, વડાલીના સંયુક્ત ઉપક્રમે ઉમાશંકર જોશીની જન્મ જયંતીની ગુજરાતી વિભાગ અંતર્ગત તા- 21-07-2023 ના રોજ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય વક્તા તરીકે જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અને હિરેન્દ્રભાઈ પંડ્યાએ ઉમાશંકર જોશીના જીવન અને સાહિત્ય સંદર્ભે મનની વ્યાખ્યાનો આપી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ એન.આર. પટેલે શાબ્દિક સ્વાગત દ્વારા મહેમાનોને આવકાર્યા હતા. સંયોજક તરીકે પ્રા.ડૉ. પ્રભુદાસ ભાઈ પટેલે કામગીરી નિભાવી હતી. આભાર દર્શન પ્રા.ભુપતભાઈ પટેલે કર્યું હતું. સહ-મદદનીશ તરીકે પ્રા.આરતીબેન રાઠોડે ફરજ અદા કરી હતી.

### કવિ નર્મદ જન્મ જ્યંતીની ઉજવણી :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીમાં તારીખ 24- 8- 2013 ના રોજ ગુજરાતી વિભાગ દ્વારા ગુજરાતી સાહિત્યકાર કવિ નર્મદની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમના આરંભ પ્રા.ડૉ.પ્રભુદાસ પટેલ આવકાર પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભૂપતભાઈ કર્યું હતુ.સાથે <u>'નર્મદ એક કવિ જ નહી જોસ્સો છે'</u> વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.પ્રા.આરતીબેને આભાર વિધિ કરી હતી. કાર્યક્રમની સફળતા માટે કોલેજના પ્રિ.ડૉ.એન.આર.પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

### વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી :

તારીખ 21 મી' ફેબ્રુઆરી- 2024 ના રોજ ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર અને શેઠશ્રી બી.સી શાહ આર્ટસ કોલેજ, વડાલીના સંયુક્ત ઉપક્રમે આયોજિત "વિશ્વ માતૃભાષા દિવસની" નિમિત્તે માતૃભાષા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યના જાણીતા વાર્તાકાર અને નવલકથાકાર શ્રી માવજી મહેશ્વરી ઉપસ્થિત રહી માતૃભાષા વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત કવયિત્રી અને વિવેચક શ્રી વર્ષા પ્રજાપતિ એ પણ ઉપસ્થિત રહી વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપલ ડૉ.એન.આર.પટેલે શાબ્દિક સ્વાગત કરી મહેમાનોને આવકાર્ય હતાં. સમગ્ર કાર્યક્રમનુ સંયોજન પ્રા.ડૉ.પ્રભુદાસ આર.પટેલે કર્યુ હતું. સંચાલન પ્રા.આરતીબેન રાઠોડે કર્યુ હતું. તેમજ આભાર દર્શન પ્રા.ભૂપતભાઈએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં કોલજના સ્ટાફ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## ઈતિહાસ વિભાગ

### બંધારણ વિષયક વ્યાખ્યાન યોજાયુ :

શેઠશ્રી બી.સી.શાહ આટ્ર્સ કોલેજ,વડાલીના ઈતિહાસ વિભાગ દ્વારા તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ <u>“મેરી મીટ્ટી મેરા દેશ”</u> કાર્યક્રમ અંતર્ગત બંધારણની વિશેષતાઓ વિષય પર શ્રીમતિ એચ.સી.પટેલ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ,કરજણના ઈતિહાસ વિષયના અધ્યાપક પ્રા.ડૉ.જયેશભાઈ પટેલનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઈતિહાસ વિભાગના પ્રા.ડૉ.જસરાજભાઈ ચોધરી, પ્રા.ઋષિકેશભાઈ જોશી તેમજ પ્રા.ડૉ.શૈલેશભાઈ તબીયારે આયોજક તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી .

### અભિલેખાગાર વિષયક વ્યાખ્યાન યોજાયુ :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીમાં તારીખ 27-07-2023 ના રોજ ઇતિહાસ વિભાગ અને ગ્રંથાલયના ઉપક્રમે 'અભિલેખાગાર અને ઇતિહાસ'વિષય પર વ્યાખ્યાન અને પ્રદર્શન યોજવામાં આવ્યુ હતું. જેમાં નિવૃત અધિક્ષક ગુજરાત રાજ્ય અભિલેખાગાર, ગાંધીનગરથી વક્તા તરીકે શ્રી જીતેન્દ્ર વી .શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઈતિહાસ વિભાગના પ્રા.ઋષિકેશભાઈ જોશીએ કર્યું હતું .તેમજ આભારદર્શન પ્રા.ડૉ.જસરાજભાઈ ચોધરીએ કરી હતી. કાર્યક્રમમાં મદદનીશ તરીકે પ્રા.ડૉ.શૈલેશભાઈ તબીયારે ફરજ નિભાવી હતી .

## ઈતિહાસ વિભાગે નેશનલ સેમિનારનું આયોજન કર્યુ :

તારીખ 1- 9 -2023 ના રોજ શેઠશ્રી બી.સી. શાહ આર્ટસ કોલેજ, વડાલીના ઈતિહાસ વિભાગ દ્વારા "પશ્ચિમ ભારતની સાંસ્કૃતિક વૈવિધ્યતા" વિષય પર રાષ્ટ્રીય પરીસંવાદ યોજાયો હતો. આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે ડો.સુભાષ બ્રહ્મભટ્ટે હાજર રહી પોતાના બીજ વક્તવ્યમાં ભારતના પ્રાચીન વારસાને સચોટ રીતે સમજાવ્યો હતો. આ ઉપરાંત શ્રી વડાલી કેળવણી મંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડિયોલ જેમણે ઉદઘાટન બેઠકમાં હાજર રહી સેમિનારને ખુલ્લો મુક્યો હતો. આ સેમિનારમાં નાસિકથી ઉપસ્થિત રહેલા ડૉ.રતિદાસ ભોગ તેમજ પ્રિ.ડૉ.જગદીશભાઈ ચૌધરી, પ્રિ. લલીતભાઈ પટેલ, પ્રિ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટે વિષયને અનુસંધાને મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી વડાલી કેળવણી મંડળના મંત્રી શ્રી અમૃતભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. કોલેજના પ્રિન્સિપલ ડૉ.એન.આર.પટેલે શાબ્દિક સ્વાગતથી મહેમાનોને આવકાર્યા હતા. કાર્યક્રમનું સભા સંચાલન પ્રા.ડૉ.પ્રભુદાસભાઈ પટેલ તથા પ્રા.ડૉ.ધર્મેશભાઈ મહેતાએ સાંભળ્યું હતું. ઈતિહાસ વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. જસરાજભાઈ ચૌધરી,પ્રા.ઋષિકેશભાઈ જોશી તથા ડૉ. શૈલેષભાઈ તબિયારે સમગ્ર નેશનલ સેમિનારના આયોજનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# અંગ્રેજી વિભાગ

## "ટ્રાન્સલેશન સ્કીલ" વિષયક વર્ગોનું આયોજન :

તારીખ -25 -9 -2023 થી તારીખ 30 -09- 2023 સુધી અંગ્રેજી વિભાગ દ્વારા મુખ્ય વિષય અંગ્રેજીના -24 વિદ્યાર્થીઓને ટ્રાન્સલેશન સ્કીલ વિશે વર્ગો ચલાવી વિશેષ જ્ઞાન આપવામાં આવ્યુ હતું.અંગ્રેજી વિભાગના પ્રા.ડૉ.ધર્મેશભાઈ મહેતા,પ્રા.શૈલેશભાઈ વાઘેલા અને પ્રા.કવનભાઈ પટેલે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપી હતી .

# ડિફેન્સ સ્ટડીઝ વિભાગ

## કારગીલ વિજય દિવસની ઉજવણી :

શેઠ શ્રી બી. સી. શાહ આર્ટસ કોલેજ વડાલીમાં 26 -7-2023 ના રોજ કારગીલ વિજય દિવસની ઊજવણી એન.સી.સી અને ડિફેન્સ વિભાગ દ્વારા કરવામા આવી હતી. આ કાર્યક્રમના ભાગ રૂપે સાંસ્કૃતિક સમિતિ દ્વારા 'દેશભક્તિ ગીત સ્પર્ધાનું' આયોજન કરવામાં આવ્યુ હતું. સ્પર્ધામાં પ્રથમ ક્રમે ખેર તુલનાબેન, દ્વિતીય ક્રમે નાયી ધેનુંબેન અને તૃતીય ક્રમે રબારી આરતીબેન આવ્યાં હતાં. કાર્યક્રમને શોભાવવા કોલેજના આચાર્યશ્રી તેમજ અધ્યાપક ગણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના સંયોજક તરીકે પ્રા.ડૉ.જસરાજભાઈ ચૌધરી, પ્રા.ઋષિકેશભાઇ જોષી,પ્રા.ડૉ.દિવ્યાબેન પટેલ,પ્રા.ભુપતભાઈ પટેલે ફરજ અદા કરી હતી.તેમજ નિર્ણાયક તરીકે પ્રા.ડૉ.ધર્મેશભાઈ મહેતા અને પ્રા.મહેન્દ્રસિંહ રહેવરે ફરજ નિભાવી હતી.

# સમાજશાસ્ત્ર વિભાગ

## વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી :

શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કૉલેજ,વડાલીના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તારીખ 9-08-2023 ના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના પ્રા.ડૉ.પ્રભુદાસભાઇ પટેલ અને પ્રા.ડૉ.શૈલેષભાઈ તબિયાર પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. કોલેજના આદિવાસી વિદ્યાર્થીઓએ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા આદિવાસી નૃત્યની કૃતિ પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમનું સંયોજન સમાજશાસ્ત્ર વિભાગના પ્રા. ડૉ. પ્રિયંકાબેન પટેલે કર્યું હતું. તેમજ પ્રા.ભાર્ગવભાઈ જોશી મદદરૂપ બન્યા હતા.

## લાઈબ્રેરી વિભાગ

શેઠશ્રી બી.સી.શાહ આર્ટસ કોલેજ,વડાલીમાં તારીખ 27-07-2023 ના રોજ ઇતિહાસ વિભાગ અને ગ્રંથાલયના ઉપક્રમે 'અભિલેખાગાર અને ઇતિહાસ'વિષય પર વ્યાખ્યાન અને પ્રદર્શન યોજવામાં આવ્યુ હતું. જેમાં નિવૃત અધિક્ષક ગુજરાત રાજ્ય અભિલેખાગાર, ગાંધીનગરથી વક્તા તરીકે શ્રી જીતેન્દ્ર વી .શાહ ઉપસ્થિત રહ્યા હતા.ગ્રંથાલય વિભાગના લાઈબ્રેરિયન ડૉ.મગનભાઈ દેસાઈએ વિદ્યાર્થીઓને આ કાર્યક્રમ સંદર્ભે ઉપયોગી માહિતી આપી હતી .

## સ્પોર્ટર્સ વિભાગ

### HNGU-ની આંતર-કોલેજ સ્પર્ધામાં સફળતા મેળવી :

વર્ષ-૨૦૨૩-૨૪ દરમ્યાન કોલેજના રમતગમત વિભાગ દ્વારા હેમ.ઉ.ગુ. યુનિવર્સીટી ની આંતર કોલેજની વિવિધ સ્પર્ધાઓમાંથી જેવી કે કબડ્ડી,ખો-ખો અને એથ્લેટિક સિલેકશન વગેરે સ્પર્ધાઓમાં કોલેજની ટીમોએ ભાગ લઈ સુંદર દેખાવ કરી કબડ્ડી(ભા) સ્પર્ધામાં પટેલ હિતેનકુમાર બી.(રીઝર્વ), ખો-ખો(ભા) સ્પર્ધામાં ઝાલા દશરથસિંહ બી.(રીઝર્વ), ખો-ખો (બ) સ્પર્ધામાં કોદરવી દેવિકાબેન એસ.(રીઝર્વ) વગેરે ખેલાડીઓ યુનિવર્સીટી ટીમમાં પસંદગી પામ્યા હતા. જયારે એથ્લેટિક્સ સિલેકશન માટેની સ્પર્ધામાં કોલેજની વિધાર્થીની કુ.કોદરવી દેવિકાબેન એસ. એ સુંદર પ્રદર્શન કરી સમગ્ર યુનિવર્સીટીમાં ૧૦૦મી. અને ૪૦૦મી.દોડ સ્પર્ધામાં ચોથું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

### સૂર્ય-નમસ્કાર અને વિશ્વ-યોગ દિનની ઉજવણી :

સપ્તધારા અંતર્ગત વ્યાયામ યોગ ખેલકૂદ ધારા દ્વારા ગુજ.સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનર અને હે.ઉ.ગુ.યુનિ.NSS વિભાગની સૂચના અનુસાર કોલેજના રમતગમત, NSS અને NCC વિભાગના સંયુક્ત ઉપક્રમે તા.૧૭/૦૬/૨૦૨૩ નારોજ સામૂહિક સૂર્યનમસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના તમામ સભ્યોએ જોડાઈને સૂર્યનમસ્કાર કર્યા હતા. જયારે વાવાઝોડાની પરિસ્થિતિને કારણે વિદ્યાર્થીઓએ ઘરે રહીને સૂર્યનમસ્કાર કર્યા હતા. તેવીજ રીતે ગુજ.સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગની સૂચના અનુસાર તા: ૨૧મી.જૂન ૨૦૨૩ ના રોજ "વર્લ્ડ યોગ દિવસ"ની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરળ કસરતો, વિવિધ આસનો, પ્રાણાયામ, ૐકાર મંત્ર અને સૂર્યનમસ્કાર જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં કોલેજના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના કુલ ૨૨ કર્મચારિયો તથા ૮૦ વિદ્યાર્થીઓ સાથે મળીને કુલ ૧૦૨ સંખ્યાએ હાજર રહી ભાગ લીધો હતો. આ બંને કાર્યક્રમમાં યોગ શિક્ષક તરીકે કોલેજના પ્રા.ડૉ.ટી.ડી.પટેલે જવાબદારી નિભાવી હતી.સમગ્ર કાર્યક્રમના આયોજનમાં પ્રિ.એન.આર.પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજ નોડલ ઓફિસર પ્રા.એ.પી.રાઠોડ, શા.શિ.અધ્યાપક શ્રી ડૉ.જી.એ.દેસાઈ, એન.સી.સી. ઓફિસર પ્રા.બી.ડી.પટેલ, ડૉ.ડી.એ.પટેલએ ફરજ બજાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ઈન્ટર ક્લાસ ક્રોસકન્ટ્રી સ્પર્ધાઓ યોજવામાં આવી :

પ્રા.ડૉ.જી.એ.દેસાઈ અને રમતગમત સમિતિ દ્વારા તથા કોલેજ કક્ષાએ તા.૨૯/૦૮/૨૦૨૩ ના રોજ ઈન્ટર ક્લાસ ક્રોસકન્ટ્રી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૬ (સોળ) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં નીચે મુજબ ક્રમાનુસાર વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા.પ્રથમ – પરમાર ભરતસિંહ ડી.,દ્વિતીય – સોલંકી જુગેન્દ્રસિંહ એન.,તૃતીય – ચૌહાણ સિદ્ધરાજરાજસિંહ એ.ચતુર્થ – ઉબોળ કરણકુમાર આર. રહ્યા હતા. આ સ્પર્ધાની શરૂઆત પ્રિ.ડૉ.એન.આર.પટેલ એ લીલી ઝંડી આપીને કરાવી હતી અને સમગ્ર સ્પર્ધા દરમ્યાન કોલેજના તમામ સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીઓએ હાજર રહીને સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

## યોગા-પ્રાણાયામ અને પ્રાર્થનાનું આયોજન :

ભારત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા યોગ, આહાર અને આયુર્વેદ વિશેના જાગૃતિ અભિયાન અંતર્ગત કોલેજના રમતગમત વિભાગ અને IQAC સેલ દ્વારા કોલેજના તમામ કર્મચારીઓ તથા વિદ્યાર્થી ભાઈ-બહેનો આ બાબતે જાગૃત થાય તે માટે તા- ૨૬/૦૬/૨૦૨૩ થી સમગ્ર વર્ષ દરમ્યાન કોલેજની દિનચર્યાની શરૂઆત દરરોજ સવારે ૨૦ મિનીટ "યોગ,પ્રાણાયામ અને પ્રાર્થના" થી થાય એ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. તેવીજ રીતે કોલેજના પ્રિન્સીપાલ સહિત તમામ કર્મચારીઓ,વિદ્યાર્થીઓ માટે તા-૨૪/૦૭/૨૦૨૩ થી ૦૯/૦૮/૨૦૨૩ એમ કુલ ૧૫ (પંદર દિવસ) દરમ્યાન "યોગ અને આયુર્વેદ અવેરનેસ માટે ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ" નું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં તજજ્ઞ અને યોગ શિક્ષક તરીકે કોલેજના પ્રા.ટી.ડી.પટેલ, ડૉ.ડી.એ.મહેતા, ડૉ.જી.એ.દેસાઈ, ડૉ.ડી.એ.પટેલ,બી.ડી.પટેલ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીની કું.રૂપલબેન વાગડિયા અને હર્ષિદાબેન ભૂંગળ વગેરેએ સેવાઓ આપી હતી.

## યોગા ટીચર ટ્રેનીગ પ્રોગ્રામ :

ગુજરાત સરકારના યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના યોગા વિકાસ બોર્ડ દ્વારા શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીના સહયોગથી તા:૦૧/૦૯/૨૦૨૩ થી ૩૦/૧૦ /૨૦૨૩ દરમ્યાન કુલ બે મહિના સુધી "યોગા ટીચર ટ્રેઈનીંગ પ્રોગ્રામ" દ્વારા એક સર્ટીફીકેટ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ભાઈઓ અને બહેનો મળીને કુલ <u>૨૬</u> તાલીમાર્થીઓએ રજીસ્ટ્રેશન કર્યું હતું. જેમાં કુલ <u>૨૧</u> તાલીમાર્થીઓએ સફળતાપૂર્વક કોર્ષ પૂર્ણ કરી સર્ટિફિકેટ મેળવ્યા હતા.આ કાર્યક્રમમાં યોગપ્રશિક્ષક તરીકે કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીની કું.રૂપલબેન આર.વાગડિયા એ જવાબદારી નિભાવી હતી.

## તાલુકા કક્ષાની સૂર્યનમસ્કાર સ્પર્ધા યોજાઈ :

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના યોગ બોર્ડ દ્વારા આયોજિત સૂર્યનમસ્કાર સ્પર્ધાના ભાગરૂપે વડાલી નગરપાલિકા અને વડાલી તાલુકા લેવલની સ્પર્ધાનું આયોજન શેઠશ્રી બી.સી.શાહ આર્ટ્સ કોલેજ,વડાલીના ઉપક્રમે કોલેજના ઓડીટોરીયમ હોલમાં તા.૨૩/૧૨/૨૦૨૩ નારોજ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકા લેવલની સ્પર્ધામાં ૧૧(અગિયાર) અને વડાલી તાલુકા લેવલ સ્પર્ધામાં <u>૧૦</u>(દસ) એમ કુલ <u>૨૧</u>(એકવીસ) સ્પર્ધક ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધાના અંતે નગરપાલિકા લેવલની સ્પર્ધાના વિજેતામાંથી એક બહેન અને એક ભાઈની તથા વડાલી તાલુકા લેવલ સ્પર્ધાના વિજેતામાંથી એક બહેન અને એક ભાઈની સાબરકાંઠા જીલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં નિર્ણાયક તરીકે વડાલી તાલુકા યોગ શિક્ષક કું.રૂપલબેન વાગડિયા, હર્ષિદાબેન ભૂંગળ, શ્રી આનંદ ઠાકોર, ડૉ.જી.એ.દેસાઈ એ જવાબદારી નિભાવી હતી.

## સ્પોટર્સ-ડે' નું આયોજન કરવામાં આવ્યું :

કોલેજના રમતગમત વિભાગ દ્વારા તા.૩૧/૦૧/૨૦૨૪ ને બુધવાર નારોજ કોલેજના દાતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે "સ્પોટ્ર્સ ડે" નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં દાતાશ્રીની પ્રતિમાને સમગ્ર સ્ટાફના સભ્યો દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ રસ્સા ખેંચ, કોથળા દોડ, લીંબુ ચમચી જેવી વિવિધ મનોરંજનાત્મક રમતોની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. વિવિધ સ્પર્ધાઓમાં કોલેજના કુલ <u>૭૬ (છોત્તેર)</u> વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન તમામ સ્ટાફ મિત્રોએ હાજર રહી અને નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં પ્રિ.ડૉ. એન.આર.પટેલ ના માર્ગદર્શન હેઠળ શા.શિ.અધ્યાપકશ્રી ડૉ.જી.એ.દેસાઈ, ડૉ.જે.જી.ચૌધરી, પ્રા.એ.પી.રાઠોડ, પ્રા.બી.ડી.પટેલ અને ડૉ. એમ.એચ.દેસાઈએ સાથે મળી જવાબદારી નિભાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

NCC Officer
Lt.B.D.Patel
Lt.D.A.Patel

# NCC

- એન.સી.સી. ઓફીસર બી.ડી.પટેલે થામણા મુકામે યોજાયેલ NCC CATC કેમ્પમાં તારીખ -28/6/2023 થી 7-07-2023 દરમિયાન કોલેજના NCC CADET સાથે હાજર રહી કેમ્પ પૂર્ણ કર્યો હતો.
- એન.સી.સી.ઓફીસર ડી.એ.પટેલે રાજેન્દ્રનગર મુકામે યોજાયેલ NCC CATC કેમ્પમાં તારીખ-12-07-2023થ 21-07-2023 દરમિયાન કોલેજના NCC CADET સાથે હાજર રહી કેમ્પ પૂર્ણ કર્યો હતો.
- વર્ષ ૨૦૨૩-૨૪ માં એન.સી.સી.ના કેડેટ અસારી નરેન્દ્રકુમારે ભારતીય આર્મીના અગ્નિવીરની ભરતીમાં પસંદગી પામી કોલેજનું ગૌરવ વધાર્યું હતું .જે બદલ કોલેજના પ્રિ.ડૉ.એન.આર.પટેલ તેમજ શ્રી વડાલી કેળવણી મંડળના પ્રમુખ શ્રી તખતસિંહ હડિયોલ સાહેબે કેડેટને અભિનંદન પાઠવ્યા હતા.
